# KRISHI VIGYAN KENDRA

Navsari Agricultural University, Vyara, Dist. Tapi (Gujarat)

# NEWSLETTER

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, નવસારી કૃષિ યુનિવર્સિટી, વ્યારા (તાપી) મુખપત્ર


| વર્ષ : ૧ | અંક : ૧ | જાન્યુઆરી-જૂન ૨૦૨૧ |
|---|---|---|



**કુલપતિ**
ડૉ. ઝેડ. પી. પટેલ

**પથદર્શક**
ડૉ. સી. કે. ટિંબડીયા, વિસ્તરણ શિક્ષણ નિયામક,
ન.કૃ.યુ., નવસારી

**મુખ્ય સંપાદક**
ડૉ. સી. ડી. પંડયા, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા,
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન. કૃ. યુ., વ્યારા (તાપી)

**સંપાદક**
ડૉ. અર્પિત જે. ઢોડિયા, વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ)
ડૉ. જીગર બી. બુટાણી, વૈજ્ઞાનિક (પશુવિજ્ઞાન)

**સહ સંપાદકો**
ડૉ. ધર્મિષ્ઠા એમ. પટેલ, વૈજ્ઞાનિક (બાગાયત)
ડૉ. એસ. કે. ચાવડા, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ)
પ્રો. આરતી એન. સોની, વૈજ્ઞાનિક (ગૃહવિજ્ઞાન)
પ્રો. કુલદિપસિંહ રણા, વૈજ્ઞાનિક (પાક ઉત્પાદન)
શ્રી નિરવ એન. માકાણી, ફાર્મ મેનેજર



:: પ્રકાશક ::
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
નવસારી કૃષિ યુનિવર્સિટી
વ્યારા, જિ. તાપી

છ માસિક મુખપત્ર



**Website-** https://nau.in//unithome/Krushi%20Vigyan%20Kendra%20Vyara
**Email:-**kvkvyara@nau.in
**Facebook:** KVK Tapi
**Instagram:** KVK Tapi
**Twitter:** @Tapi_Kvk
**YouTube Channel:** KVK Vyara
**Koo:** @KVK_TAPI
**Telephone No:** 02626-221869




હાલના સમયમાં કૃષિક્ષેત્રે નવીન ટેકનોલોજી વિકસતી રહે છે જે ખેડૂતો સુધી યોગ્ય સમયે પહોંચે એ માટે નવસારી કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ વિભાગ તેમજ નવસારી કૃષિ યુનિવર્સિટી સંચાલિત કૃષિ વિજ્ઞાન કેન્દ્રો હંમેશા કાર્યરત રહે છે. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન. કૃ. યુ., વ્યારા (તાપી) છ માસિક ન્યૂઝલેટરનો પ્રથમ અંક પ્રકાશિત કરવા જઈ રહ્યા છે. ન્યૂઝલેટર ગુજરાતના દરેક ખેડૂત મિત્રો તેમજ કૃષિ સાથે સંકળાયેલ જુદી જુદી સંસ્થાઓને ખૂબ જ ઉપયોગી થશે જેના માધ્યમથી ખેડૂતો નવીન કૃષિ તજજ્ઞતાઓ વિશે અવગત થશે. મને પૂર્ણ વિશ્વાસ છે કે આ ન્યૂઝલેટરમાં પ્રકાશિત થનાર દરેક માહિતી ખેડૂતો માટે માર્ગદર્શનનું કાર્ય કરશે. હું કૃષિ વિજ્ઞાન કેન્દ્ર તાપીના ન્યૂઝલેટરના પ્રથમ અંકના સફળ પ્રકાશન બદલ ખૂબ ખૂબ શુભકામનાઓ વ્યકત કરું છું.

**ડો. ઝેડ. પી. પટેલ કુલપતિ,**
**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**



આપ સૌને જણાવતા આનંદ થાય છે કે કેવિકે વ્યારા પોતાના પ્રથમ મુખપત્રનો અંક આ વર્ષથી પ્રકાશિત કરવા જઈ રહ્યુ છે. આ મુખપત્ર કેવિકે વ્યારાની મુખ્ય વિસ્તરણ પ્રવૃત્તિઓ જેમ કે પાક અખતરા, વિવિધ પાક નિદર્શનો, તાલીમ કાર્યક્રમો અને ખેડૂતલક્ષી અગત્યના દિવસોની ઉજવણી તેમજ વર્ષ દરમિયાન સમયાંતરે કરવાના થતા ખેતી કાર્યો વિશે આપ સૌને નિયમિતપણે માહિતગાર કરશે.

**ડો. સી. કે. ટિંબડીયા, વિસ્તરણ શિક્ષણ નિયામક,**
**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**



કૃષિક્ષેત્રે નવા સંશોધનો ઝડપથી વિકસિત થઈ રહ્યા છે જે ખેડૂતો સુધી સમયસર પહોંચે અને ખેડૂતો તુરંત તે અપનાવે એ માટે કૃષિ વિજ્ઞાન કેન્દ્રો કાર્યરત છે. ખેડૂતોને મૂંઝવતા પ્રશ્નો દૂર કરવા તેમજ નવીન ટેક્નોલોજીઓને ખેડૂતો સુધી પહોંચાડવા તાપી જિલ્લામાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર હંમેશા કાર્ય કરતું રહે છે. કેવિકે દ્વારા કૃષિલક્ષી વિવિધ તાલીમ કાર્યક્રમો, અગ્રિમ હરોળ નિદર્શનો અને વિવિધ વિસ્તરણ પ્રવૃતિઓ કરવામાં આવે છે જેની માહિતી ખેડૂતો અને કૃષિકારો સુધી પહોંચે એ હેતુથી આ છ માસિક મુખપત્રનો પ્રથમ અંક શરૂ કરતાં હું આનંદની લાગણી અનુભવું છું. આપના માર્ગદર્શક સૂચનો અને પ્રતિભાવો આવકાર્ય છે.

**ડો. સી. ડી. પંડયા, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા,**
**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન. કૃ. યુ., વ્યારા (તાપી)**




## Bridge between Researchers and Farmers

## International Women's Day

KVK,Vyara was celebrated International Women's Day at KVK campus on 8th March, 2021 in collaboration with *Mahila Samakhya*, Tapi. The theme of the programme was 'Women leadership in agriculture: Entrepreneurship, Equity and Empowerment'. SS & H, Dr. C. D. Pandya gave valuable guidance to all participants This event was graced by Shri. Hitesh Joshi (GAS), Hon'ble SDM, Tapi. Total 82 tribal farm women were actively participated in programme.





## આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ખાતે મહિલા સામખ્ય, તાપીના સંયુકત ઉપક્રમે તા. ૦૮ માર્ચ, ૨૦૨૧ના રોજ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમનો મુખ્ય વિષય 'ખેતીમાં મહિલાઓનું નેતૃત્વ, ઉદ્યોગસાહસિકતા, સમાનતા અને સશકિતકરણ' હતો. કાર્યક્રમમાં તાપી જિલ્લાના વિવિધ ગામોની ૮૨ આદિવાસી મહિલાઓએ ઉમંગભેર ભાગ લીધો હતો. વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. સી. ડી. પંડયાએ મહિલાઓના કૃષિક્ષેત્રે યોગદાનને બિરદાવ્યું હતું. કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે માનનીયશ્રી હિતેશ જોષી (GAS), પ્રાંત અધિકારી, વ્યારા ઉપસ્થિત રહ્યા હતા.

## Training on Eradicate Malnutrition

KVK, Vyara and Department of Agronomy, NMCA, NAU, Navsari jointly organized one-day training Programme on "Bio-fortification of Agricultural Crops and its benefits on human health" on 12th March, 2021 at KVK, Vyara. Total 50 tribal farm women of Tapi district were actively participated in this programme. Dr. V. P. Usdadiya, Professor and Head (Agronomy), Dr. K. G. Patel, Professor and Head, Dept. of Soil Science and Agricultural Chemistry, NAU, Navsari, Dr. V. P. Patel, Associate Research Scientist, Regional Rice Research Station, NAU, Vyara were remain present and provide valuable guidance during the training programme.





## કુપોષણ દૂર કરવા અંગે ખેડૂત તાલીમ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારા અને સસ્ય વિજ્ઞાન વિભાગ, ન. મ. કૃષિ મહાવિદ્યાલયના સંયુકત ઉપક્રમે 'ખેતી પાકોમાં બાયોફોર્ટીફીકેશનનું મહત્વ અને તેના માનવ સ્વાસ્થ્ય પર થનાર ફાયદા' વિષય પર એક દિવસીય ખેડૂત તાલીમનું આયોજન તા. ૧૨ માર્ચ, ૨૦૨૧ ના રોજ કે.વિ.કે., વ્યારા ખાતે કરવામાં આવેલ હતું. જેમા તાપી જિલ્લાની કુલ ૫૦ આદિવાસી મહિલા ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સદર કાર્યક્રમમાં ડો. વી. પી. ઉસદડિયા, પ્રાધ્યાપક અને વડા, સસ્ય વિજ્ઞાન વિભાગ, ડો. કે. જી. પટેલ પ્રાધ્યાપક અને વડા, જમીન વિજ્ઞાન અને કૃષિ રસાયણ વિભાગ, પ્રાદેશિક ચોખા સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ. વ્યારાના વડા ડો. વી.પી.પટેલ, ડો. નીતિન ગુડધે, મદદનીશ પ્રાધ્યાપક (સસ્ય વિજ્ઞાન વિભાગ, ન.કૃ.યુ. નવસારી) એ ઉપસ્થિત રહી ખેડૂતોને માર્ગદર્શિત કર્યા હતા.

## Celebration of World Water Day

'World Water Day' was celebrated on 22th March, 2021 at KVK campus. The main theme of program was 'Valuing the ground water'. Total 55 farmers were actively participated in the event. During the programme, Dr. N. M. Chauhan, Principal, Polytechnic College, NAU, Vyara, Dr. C. D. pandya, Senior Scientist and Head of KVK, Vyara, Shri P. R. Chaudhari, Project Director, ATMA-Tapi, Shri S. B. Gamit, District Agriculture Officer, Tapi, Shri Sandeep Panchal, Officer, GGRC, Prof. K. N. Rana, Scientist (Crop Production) and Dr. D. M. Patel, Scientist (Horticulture), KVK, Tapi were remain present and guided farmers about the water conservation and valuing the ground water.





## વિશ્વ જળ દિવસ ની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, તાપી ખાતે તા. ૨૨ માર્ચ, ૨૦૨૧ના રોજ 'વિશ્વ જળ દિવસ' ની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમનો મુખ્ય વિષય 'ભૂગર્ભ જળ સંરક્ષણ' હતો. જેમાં કુલ ૫૫ આદિવાસી ખેડૂતોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમમાં ડો. એન. એમ. ચૌહાણ, આચાર્ય, પોલીટેક્નિક ઈન એગ્રીકલ્ચર કોલેજ, ડો. સી. ડી. પંડયા, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વ્યારા, શ્રી. પી. આર. ચૌધરી, પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, આત્મા-તાપી, શ્રી. એસ. બી. ગામીત, જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી-તાપી, GGRCના અધિકારીશ્રી સંદીપ પંચાલ, પ્રો. કે. એન. રાણા, વૈજ્ઞાનિક (પાક ઉત્પાદન) અને ડો. ડી. એમ. પટેલ, વૈજ્ઞાનિક (બાગાયત), કેવિકે, વ્યારા દ્વારા ઉપસ્થિત રહી ખેડુતોને જળ બચાવવા અંગે તેમજ જળનુ મહત્વ સમજવા અંગે માર્ગદર્શિત કર્યા હતા.

## Training on Scientific Beekeeping

Seven-days training (17th March, 2021 to 24th March, 2021) was organized under the National Beekeeping and Honey Mission (NBHM) scheme on 'Scientific Beekeeping'. Total 25 farmers from Khogal and Chhindiya villages of Tapi district were actively participated. In inauguration, Mr. Anand Kumar (IFS), DCF-Tapi, Dr. C. D. Pandya, Senior Sci. & Head and Scientists of KVK, Tapi were remain present and gave valuable guidance. During training different experts from different departments of Navsari Agricultural University gave technical guidance. KVK, Tapi also organized exposure tour for farmers at College of Agriculture, Waghai, Beekeeping unit-Soldhara, Fanasvada, Navsari Agricultural University and Surat.






## વૈજ્ઞાનિક રીતે મધમાખી પાલન વિષય પર તાલીમ

'વૈજ્ઞાનિક ઢબે મધમાખી પાલન' વિષય પર રાષ્ટ્રીય મધમાખી પાલન અને હની મિશન (NBHM) યોજના અંતર્ગત સાત દિવસીય તાલીમ (૧૭મી માર્ચ, ૨૦૨૧ થી ૨૪ માર્ચ, ૨૦૨૧) યોજાઈ હતી. જેમાં તાપી જિલ્લાના ખોગલ અને છીંડીયા ગામના કુલ ૨૫ આદિવાસી ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. તાલીમના ઉદ્‌ઘાટન કાર્યક્રમમા અધ્યક્ષ સ્થાને ઉપસ્થિત શ્રી આનંદકુમાર (IFS), ડી. સી. એફ. તાપીએ તાલીમ અનુરૂપ મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું. વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, કેવિકે, વ્યારા ડો. સી. ડી.પંડયાએ તાલીમ કાર્યક્રમનો હેતુ સમજાવ્યો હતો અને મધમાખીને રાખી મધ બનાવવાની તાલીમાર્થીઓને હાંકલ કરી હતી. તાલીમ દરમ્યાન ખેડૂતોને વઘઈ (કૃષિ મહાવિદ્યાલય), સોલધરા, ફણસવાડા, નવસારી (નવસારી કૃષિ યુનિવર્સિટી) અને સુરત ખાતે પ્રેરણા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યુ હતું.

## World Milk Day celebration

Online webinar was organized on 01st June, 2021 on the theme 'Production of Quality Milk Products' by KVK Tapi. Presidential speech was given by Dr. C. K. Timbadia, Hon'ble Director of Extension Education, N.A.U., Navsari. Dr. C. D. Pandya, Senior Scientist & Head elaborated importance of programme. Dr. N. B. Patel, Asssociate Research Scientist, LRS, NAU, Navsari and Dr. J. B. Butani, Scientist (Animal Science) gave technical guidance through presentation on the importance of clean milk production in the animal husbandry sector. Total 51 dairy farmers from Tapi district were enthusiastically participated in this webinar.






## વિશ્વ દૂધ દિવસની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર વ્યારા (તાપી) ખાતે તા. ૦૧, જૂન ૨૦૨૧ના રોજ 'દૂધ અને દૂધની બનાવટોનું ગુણવત્તા સભર ઉત્પાદન' વિષય ઉપર ઓનલાઈન વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સદર વેબીનારમાં અદયક્ષ સ્થાને ઉપસ્થિત ડો. સી. કે. ટીંબડીયા, માનનીય વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, ન.કૃ.યુ., નવસારીએ જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. કેવિકેના વડા ડો. સી. ડી. પંડયાએ બધાંને આવકારી કાર્યક્રમનું મહત્વ સમજાવ્યું હતું. ડો. એન. બી. પટેલ, સંશોધન વૈજ્ઞાનિક, પશુ સંશોધન કેન્દ્ર, ન.કૃ.યુ., નવસારી અને કેવિકેના પશુપાલન વિભાગના વૈજ્ઞાનિક ડો. જે. બી. બુટાણીએ પશુપાલન વ્યવસાયમાં સ્વચ્છ દૂધ ઉત્પાદનનું મહત્વ વિષય ઉપર પ્રેઝન્ટેશન દ્વારા પશુપાલકોને વિસ્તૃતમાં માર્ગદર્શન આપ્યું હતું. સદર વેબીનારમાં તાપી જીલ્લાના કુલ ૫૧ જેટલા પશુપાલકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## Training through Dial-out conference

KVK, Tapi has organized online off campus training through Dial-out conference in collaboration with Reliance foundation on 2nd June, 2021 due to COVID-19 pandemic situation. The subject of training programme was 'Immunity booster foods for combating COVID-19 and awareness on COVID-19 vaccine'. Dr. C. K. Timbadia, DEE, NAU, Navsari emphasized on importance of COVID-19 vaccine. Dr. C. D. Pandya, Senior Scientist & Head, KVK, Tapi explained the importance of said training and awareness regarding precautions from COVID-19. Prof. Arti N. Soni, Scientist (Home Science) gave technical guidance on various types of immunity booster foods, their functions in our body for preventing corona virus disease. Total 182 tribal farm women from 76 villages of Tapi district were actively participated through their mobile.






## ડાયલ આઉટ કોન્ફરન્સ દ્વારા ક્ષેત્રીય તાલીમ

કેવિકે, તાપી અને રિલાયન્સ ફાઉન્ડેશન ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે તા. ૨ જૂન, ૨૦૨૧ના રોજ ડાયલ આઉટ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું હતું. સદર તાલીમમા તાપી જિલ્લાના વિવિધ ૭૬ ગામોની કુલ ૧૮૨ આદિવાસી મહિલાઓને મોબાઈલ દ્વારા માહિતી અપાઈ હતી. કાર્યક્રમનો મુખ્ય હેતુ 'કોરોના વાયરસ રોગથી બચવા માટે શરીરની રોગપ્રતિકારક શકિત વધે તેવા ખાદ્યપદાર્થો અને કોવિડ-૧૯ રસીકરણ વિષે આદિવાસી સમાજમાં જાગૃતતા' લાવવાનો હતો. નવસારી કૃષિ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડો. સી. કે. ટીંબડીયાએ ઉપસ્થિત મહિલાઓને કોવિડ-૧૯ની રસી લેવા માટે વિશેષ ભાર મૂક્યો હતો. કેવીકે, તાપીના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. સી. ડી. પંડયાએ કોરોના વાયરસનું સંક્રમણ વધે નહિ તે માટે લેવાની કાળજી વિશે માહિતગાર કર્યા હતાં. કેવીકે, તાપીના ગૃહવિજ્ઞાન વિભાગના વૈજ્ઞાનિક પ્રો. આરતી. એન. સોનીએ કોરોના વાયરસની મહામારીમાં શરીરની રોગપ્રતિકારક શકિત વધે તેવા વિવિધ ખાદ્યપદાર્થો વિશે વિસ્તૃતમાં ટેકનીકલ માહિતી આપી હતી.

## અગ્રિમ હરોળ નિદર્શન

| અ.નં. | પાક/એન્ટરપ્રાઇઝ | વિસ્તાર (હે.) | લાભાર્થીની સંખ્યા |
|---|---|---|---|
| | **તેલીબિયાં પાકો** | | |
| ૧ | મગફળી (જી.જી.-૩૪) | ૨૦ | ૫૦ |
| ૨ | તલ (જી.ટી.-૫) | ૧૦ | ૨૫ |
| | **કઠોળ પાકો** | | |
| ૩ | મગ (જી.એમ.-૬) | ૨૮.૧૫ | ૧૦૦ |
| | **કૃષિ ઓજારો/ફાર્મ મશીનરી** | | |
| ૪ | કરસાંઠી ઉખેડવાનો ચીપિયો | - | ૫૦ |
| ૫ | હેન્ડ વિડર | - | ૫૦ |
| | **અન્ય નિદર્શનો** | | |
| ૬ | ભીંડામાં સંકલિત જીવાત નિયંત્રણ | ૪ | ૧૬ |
| ૭ | ચણામાં સંકલિત જીવાત નિયંત્રણ | ૪ | ૧૬ |
| ૮ | આંબામાં સંકલિત જીવાત નિયંત્રણ | ૪ | ૧૦ |
| ૯ | ટીંડોળામાં નોવેલ પ્રવાહી ખાતર | ૨ | ૧૦ |
| ૧૦ | મશરૂમની ખેતી | - | ૨૫ |
| | કુલ | ૭૨.૧૫ | ૩૫૨ |








## તાલીમ કાર્યક્રમો

| તાલીમનો પ્રકાર | તાલીમની સંખ્યા | તાલીમાર્થીઓની સંખ્યા |
|---|---|---|
| કેન્દ્રીય તાલીમ | ૫૧ | ૨૧૪૨ |
| ક્ષેત્રીય તાલીમ | ૧૬ | ૭૪૧ |
| ઈન સર્વિસ તાલીમ | ૦૪ | ૯૨ |
| કુલ | ૭૧ | ૨૯૭૫ |

### મહત્વની વિસ્તરણ પ્રવૃત્તિઓ

| વિસ્તરણ પ્રવૃત્તિઓ | સંખ્યા | લાભાર્થી |
|---|---|---|
| ટેલિફોન સેવા | ૧૪૦૭ | ૧૪૦૭ |
| ફિલ્ડ ડે (ક્ષેત્રીય દિવસ) | ૧૦ | ૩૨૮ |
| ફિલ્ડ વિઝિટ | ૧૭ | ૧૩૪ |
| FLD વિઝિટ | ૨૮ | ૧૨૭ |
| વૈજ્ઞાનિકોની ખેડૂતના ખેતરે મુલાકાત | ૧૦ | ૫૭ |
| પદ્ધતિ નિદર્શન | ૨૦ | ૮૦૩ |
| ખેડૂતોની કેવિકે ખાતે મુલાકાત | -- | ૩૪૫૪ |
| ખેડૂત શિબિર | ૦૫ | ૪૯૭ |
| m-કિસાન પોર્ટલ | ૨૨ | ૧૧૧૧૩ |
| કુલ | ૧૫૧૯ | ૧૭૯૨૦ |








ICAR

**KRISHI VIGYAN KENDRA**

Navsari Agricultural Universtiy, Vyara, Dist. Tapi (Gujarat)



To, ______________________

______________________

______________________